# સૌરાષ્ટ્રની કલા-કીર્તિ

## પ્રકૃતિના પ્રલયંકર તત્ત્વોમાં પણ કળાના દર્શન કરનાર

## શ્રી. હારૂન ખીમાણી

જો કે તે દ્વારા આપત્તી સહન કરતા માનવીઓ તરફ તેમને પ્રેમભાવ-હમદર્દી નથી એવું નથી, છતાં તેમની પ્રકૃતિના પ્રલયંકારી તત્ત્વોથી સર્જાતો વિનાશ-તેનાં દરશ્યો વધુ આકર્ષે છે. હારૂન ખીમાણીની કલાદૃષ્ટિને આ ખંડેરો, કાટમાળના ઢગલા, વગેરે ખૂબ આકર્ષે છે. તેઓ માને છે પ્રકૃતિનું તે પણ એક અનેરું સૌંદર્ય છે. કુદરત આવાં ભયંકર દશ્યો સર્જીને પણ એક સુંદર આકૃતિ સર્જે છે...

હારૂન ખીમાણીનો જન્મ ૧૯૩૩માં ધંધુકામાં... પરંતુ પિતા-માતા જોડે ભાવનગરમાં રહેવાનું થયું. અભ્યાસ કરતા ચિત્ર તરફ અભિરૂચી વધતી ગઈ... એટલે ચિત્રકળાનો અભ્યાસ કરવા પ્રેરાયા. વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સે ઘણા કલાકાર ચિત્ર જગતને આપ્યા છે. હારૂન પણ વડોદરા ગયા. ત્યાં અભ્યાસ પૂર્ણ કરીને ચિત્રકળાના ક્ષેત્રે પ્રવેશ કર્યો. એકતો સંસ્કાર, વળી સારા ગુરૂનું માર્ગદર્શન અને ઓછો વધુ તો પરિશ્રમ કરવાની સત્વૃત્તિ... પછી તો ગમે તેવો કઠીન માર્ગ હોય તો પણ સરળ થતો જાય. કલાકારની માનસ-દુનિયા જુદી જ હોય છે. કંઈક અવનવું સર્જવાની ધગશ-સૂઝ તેને કલાના સુંદર માર્ગ પર લઈ જાય છે. હારૂન ખીમાણીના ચિત્રો સર્જાયા. તેઓ તો કહે છે કે હું માનવઆકૃતિ કદી ચિતરતો જ નથી. મને પશુ અને પંખીઓ ખૂબ ગમે છે.

કુકડા-મરઘાં વગેરેને તેના ચિત્રોમાં સુંદર રીતે સ્થાન મળ્યું છે. વડોદરામાં તાલીમ લીધા બાદ "વુડકટ" ઉપર તો તેમનો અદ્‌ભુત કાબૂ છે. વુડકટ માટેની તેમની પ્રિન્ટ્સ કેટલીકવાર તો ૨૦થી ૨૮ ઈંચ લંબાઈની હોય છે. ખૂબજ સુંદર રીતે તેઓ [illegible] પર ડિઝાઈનનું આયોજન કરે છે.

સૌંદર્યને આદિ નથી કે અંત નથી, તેમ કોઈ મર્યાદા નથી. તેઓ પોતાની રચના તરતજ શરૂ કરે છે ને જેમ જેમ આગળ તેમ તેમ સર્જન ખીલતું જાય છે. તેઓ માને છે કે પૂર્વચિંતન કર્યા પછી જ કલાકૃતિ સર્જાય એવું નથી. કૃતિ પૂર્ણ થયા પછી જો આપણા હૃદયને આનંદ મળે, સંતોષ મળે તો તેની તે સફળતા છે. તેઓ તો માને છે કે મારે તો એવી કલા-દૃષ્ટિ કેળવવી છે કે જેથી મને મારી આંખને જ્યાંત્યાં ઊતરતું ચિતરવું ગમે જ નહિ. કદાચ આવી એમની કલા-સૂઝ કે કલા-દૃષ્ટિ જ તેમની કૃતિઓને પ્રશંસાપાત્ર બનાવે છે.

તેમણે ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, મુંબઈ રાજ્ય કલા પ્રદર્શન, મુંબઈ આર્ટ સોસાયટી, ઓલ ઈન્ડિયા આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી નવી દિલ્હી, હૈદ્રાબાદ આર્ટ સોસાયટી, મદ્રાસ રાજ્ય લલિત કલા અકાદમી, દિલ્હીની લલિત કલા અકાદમી, ધી બ્રિટિશ કાઉન્સિલ, મદ્રાસ વગેરે દ્વારા યોજાતાં પ્રદર્શનોમાં શ્રી. હારૂન ખીમાણીનાં ચિત્રોને સ્થાન મળ્યું છે એટલુંજ નહિ, પણ તેમની કલાકૃતિઓને પારિતોષિકોથી સન્માનવામાં પણ આવી છે.

૧૯૬૦માં મુંબઈ રાજ્ય કલા પ્રદર્શન, ૧૯૬૨માં મુંબઈ આર્ટ સોસાયટી, ૧૯૬૨માં સુરત ખાતેના ગુજરાત રાજ્ય કલા પ્રદર્શનમાં તેમને ચંદ્રકો અને પારિતોષિકો મળ્યાં છે. ગ્રાફિક વિભાગમાં તો તેમને પ્રથમ ઈનામ પણ મળ્યું હતું.

એજ રીતે વ્યક્તિગત રીતે પોતાનાં જ ચિત્રો તેમણે ૧૯૬૬ના એપ્રિલમાં મદ્રાસ ખાતે, ૧૯૬૦ના મે માં મુંબઈ ખાતે અને જાન્યુઆરી તેમજ ફેબ્રુઆરી ૧૯૬૬માં નવી દિલ્હી ખાતે તેમજ ૧૯૬૮માં મદ્રાસ ખાતે પ્રદર્શિત કર્યાં. કલા-પ્રેમીઓએ તેમના વુડકટ, ગ્રાફિક્સ તૈલચિત્રો વગેરેની ખૂબજ પ્રશંસા કરી છે.

ઘણી કલા-સંસ્થાઓએ તેમ જ કલા-પ્રેમી રસજ્ઞોએ હારૂન ખીમાણીનાં ચિત્રોને પોતાના સંગ્રહમાં આગવું સ્થાન આપ્યું છે.

હારૂન ખીમાણી હાલમાં મદ્રાસ ખાતે પોતાની કલા-પ્રવૃત્તિ કરી રહ્યા છે. ગતાનુગતિક... અનુકરણ કલા તરફ ન વળતાં તેમનાજ શબ્દોમાં કહીએ તો "ગમે તેમ પણ હું સુખી છું, હું મારા મનમાં પણ સ્પષ્ટ છું.

હારૂન ખીમાણી હાલમાં મદ્રાસ ખાતે પોતાની કલા-પ્રવૃત્તિ કરી રહ્યા છે. ગતાનુગતિક... અનુકરણ કલા તરફ ન વળતાં તેમનાજ શબ્દોમાં કહીએ તો "ગમે તેમ પણ હું સુખી છું, હું મારા મનમાં પણ સ્પષ્ટ છું,
હું મારે શું કરવાનું છે તે, અને શું થઈ શકે તેનું બરાબર જાણું છું!

પોતાની સૂઝ-પોતાના વિચારોને પોતે જ તપાસી પોતે જ પ્રમાણિત કરી કલા સર્જન કરવાની આગવી કલાદૃષ્ટિ ધરાવતા આ બહુમુખી પ્રતિભાવાળા કલાકાર હારૂન ખીમાણી કલા જગતના એક મૂલ્યવાન કલાકાર

અરવિંદ મ. ચોળકિયા

---

સુકાની

૬૪, મિન્ટ રોડ, મુંબઈ-૧

તા. ૨૮-૫-૬૬

તાજ આર્ટ ગેલેરીમાં શ્રી હારુન ખીમાણીનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. આમાં તૈલચિત્રો હતાં, કોલસા અને ક્રેયોનથી દોરાયેલાં ચિત્રો હતાં તથા વૂડકટ પ્રિન્ટ્સ હતાં.

તૈલચિત્રો કુલ બાર હતાં અને બધાંના વિષયો એકબીજાથી ઘણા જુદા હતા, જેમ કે 'ડાર્ક પોન્ડ્સ', 'બ્લેક ક્રોસ,' 'ક્રીમ્સન ફોર્મ,' 'દુઇન્ડ રોડસાઈડ હાઉસ' વગેરે, પરંતુ બધાની રજૂઆત એકસરખી હતી. વિષયને અનુરૂપ ભાવ અને ભાવને અનુરૂપ રંગોનું આયોજન તથા રેખાઓની ગતિ, આવી કોઈ બાબત કલાકારને બહુ મહત્ત્વની લાગી ન હોય એવું જણાતું હતું, અને આશ્ચર્યજનક તો એ હતું કે 'શેમ્બલ્સ ઇન ફોર્મ ઓફ બ્યુટી'માં સૌંદર્ય છતાં વિષયની સાથે જોડાયેલી જે ભયાનકતા દર્શાવવી જોઈએ તેને બદલે અન્ય સર્વ તૈલચિત્રો કરતાં આ ચિત્ર સૌથી વધુ સૌમ્ય, નયનરમ્ય અને સુંદર લાગતું હતું.

તૈલચિત્રો કરતાં વૂડકટ અને 'ચારકોલ-ક્રેયોન'નાં ચિત્રોમાં કલાકારનો હાથ વધુ બેઠેલો હોય એમ લાગ્યું. કોલસાથી દોરાયેલા કાળા રંગના વજનદાર પટની પાસે પીળાશ પડતા સફેદ રંગના અવકાશથી આ ચિત્રો સંગીન અને અસરકારક લાગતાં હતાં. એમાં યે કલાકારે લીધેલા હોનારતના વિષયો આ પ્રકારના માધ્યમથી વધુ મહત્ત્વ પામ્યા છે અને અનુરૂપ પાત્ર મળતાં પાત્રની અંદરની વસ્તુનું મૂલ્ય જેમ વધી જાય છે, તેવું જ આ ચિત્રોનું થયું છે.

વૂડકટ પ્રિન્ટ્સમાં પણ કલાકારનું રેખાઓ પરનું નિયંત્રણ પ્રશંસનીય છે